# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

---

- ✓ ભારત અને જર્મની વચ્ચે ગ્રીન હાઈડ્રોજનથી લઈને ઈનોવેશન અને ટેક્નોલોજી સુધીના સમજૂતીના કરારો પર હસ્તાક્ષર
- ✓ ભારતની વિકાસગાથામાં સામેલ થવાનો યોગ્ય સમય હોવાનું જણાવીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિદેશી રોકાણકારોને ભારતમાં રોકાણ માટે આમંત્ર્યા
- ✓ ઝારખંડમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઇ - 28મી ઓક્ટોબરે ઉમેદવારી પત્રોની ચકાસણી
- ✓ નબળુ પડેલુ ચક્રવાત દાના ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થશે
- ✓ પૂણે ટેસ્ટના બીજા દિવસે ન્યુઝિલેડની ટીમના બીજી ઇનિગમાં પાંચ વિકેટે 198 રન,,, 301 રનની કુલ સરસાઇ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## **INDIA-GERMANY BILATERALS**-*1*

ભારત અને જર્મનીએ આજે દ્વિપક્ષીય સંબંધોને વેગ આપવા માટે ગ્રીન હાઈડ્રોજનથી લઈને ઈનોવેશન અને ટેક્નોલોજી સુધીના અનેક એમઓયુ અને કરારો પર હસ્તાક્ષર કર્યા છે. પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ નવી દિલ્હીમાં

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની ઉપસ્થિતીમાં એમઓયુ અને કરારોની આપ-લે કરવામાં આવી હતી.

બંને દેશોએ ગુનાહિત બાબતોમાં પરસ્પર કાનૂની સહાયતા સંધિ માટેના કરાર પર પણ હસ્તાક્ષર કર્યા. ભારત અને જર્મનીએ કૌશલ્ય વિકાસ અને વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમના ક્ષેત્રમાં સહકાર અંગેના કરાર થયા હતા..રોજગાર અને શ્રમ, અદ્યતન સામગ્રી પર સંશોધન અને વિકાસ અને ગ્રીન અર્બન મોબિલિટી પાર્ટનરશિપના ક્ષેત્રોમાં ઉદ્દેશ્યની ત્રણ સંયુક્ત ઘોષણાઓનું પણ આદાન-પ્રદાન કર્યું.

સંયુક્ત નિવેદનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને પગલે શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ભારત અને જર્મની વચ્ચે દ્વિપક્ષીય સહયોગના મહત્વ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, જટિલ અને ઉભરતી તકનીકો, કૌશલ્ય વિકાસ અને નવીનતાના ક્ષેત્રોમાં સહકાર સ્થાપિત કરવાથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર્સ અને સ્વચ્છ ઊર્જા જેવા ક્ષેત્રોમાં સહયોગ વધુ મજબૂત બનશે.

શ્રી. મોદીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સહિત બહુપક્ષીય સંસ્થાઓમાં સુધારાની જરૂર છે.

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે કહ્યું કે, જર્મની યુરોપિયન યુનિયનમાં ભારતનું સૌથી મહત્વપૂર્ણ વેપારી ભાગીદાર બની ગયું છે અને તે આર્થિક સહયોગને વધુ મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે.

## PM INDIA PASIFC SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, નવી દિલ્હીમાં 18મી એશિયા પેસિફિક જર્મન બિઝનેસ કોન્ફરન્સને સંબોધિત કરતા કહ્યું કે, રોકાણ માટે ભારતથી વધુ સારી જગ્યા

કોઈ નથી. વિદેશી રોકાણકારોને આમંત્રિત કરતાં તેમણે કહ્યું કે, ભારતની વિકાસગાથામાં સામેલ થવાનો આ યોગ્ય સમય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજે ભારત લોકશાહી, જનસંખ્યા, માંગ અને માહિતીના ચાર મજબૂત સ્તંભો પર ઊભું છે. ટેલેન્ટ, ટેક્નોલોજી, ઈનોવેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ ભારતના વિકાસના સાધનો છે. આ બધાને આગળ લઈ જવા માટે, ભારત પાસે એસ્પિરેશનલ ઈન્ડિયા (એઆઈ) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની બે શક્તિઓ છે.

## MURUGAN-AI

માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને ઉત્પાદકતા વધારવા અને વહિવટી કામકાજ વધુ મજબૂત બનાવવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વધુને વધુ ઉપયોગ પર  ભાર મૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે AI-સંચાલિત, ડેટા-સંચાલિત નિર્ણય-નિર્ધારણ સાથે, જાહેર સેવકો તેના ઉપયોગ દ્વારા વધુ સારી સેવા પ્રદાન કરી શકે છે. મંત્રીએ ઉમેર્યું હતું કે ChatGPT અને Gemini જેવા AI સાધનો ઉત્પાદકતામાં વધારો કરી શકે છે અને પુનરાવર્તિત કાર્યોના બોજને ઘટાડી શકે છે.

## EVN. JHARKHAND-NOMINATIONS

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા પૂરી થઈ ગઇ. આ તબક્કામાં 13મી નવેમ્બરે 43 બેઠકો પર મતદાન થશે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેને સરાયકેલાથી ઉમેદવારી નોંધાવી હતી જ્યારે AJSU પાર્ટીના વડા સુદેશ કુમાર મહતોએ સિલ્લીથી ઉમેદવારી નોંધાવી હતી. પૂર્વ મંત્રી રાધાકૃષ્ણ કિશોરે છતરપુર વિધાનસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. યોગેન્દ્ર પ્રસાદ મહતોએ જેએમએમના ઉમેદવાર તરીકે ગોમિયા માટે ફોર્મ ભર્યું. 28મી ઑક્ટોબરના રોજ નામાંકનોની ચકાસણી કરવામાં આવશે, જ્યારે ઉમેદવારો 30મી ઑક્ટોબર સુધી તેમના નામાંકન પરત ખેંચી શકશે.

દરમિયાન, સર્ચ ઓપરેશન દરમિયાન, વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદથી રાજ્યના વિવિધ ભાગોમાંથી 27 કરોડ રૂપિયાથી વધુની ગેરકાયદેસર સામગ્રી અને રોકડ જપ્ત કરવામાં આવી છે. આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘન બદલ 14 FIR દાખલ કરવામાં આવી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## EIB- BENGALURU SUBURBAN RAILWAY

યુરોપિયન ઇન્વેસ્ટમેન્ટ બેંકે જાહેરાત કરી છે કે તે બેંગલુરુ ઉપનગરીય રેલવે માટે 2 હજાર 800 કરોડ રૂપિયાની લોન આપશે. બેંકે અર્બન મોબિલિટી સોલ્યુશન્સ માટે ટેકનિકલ સહાયતા હબ પણ શરૂ કર્યું છે. યુરોપીયન ઇન્વેસ્ટમેન્ટ બેંકના વાઇસ પ્રેસિડેન્ટ નિકોલા બીયર અને કર્ણાટક રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના ફાઇનાન્સ ડિરેક્ટર અવધેશ મહેતાએ આજે ગાંધીનગરમાં અર્બન મોબિલિટી ઇન્ડિયા કોન્ફરન્સ દરમિયાન આ જાહેરાત કરી હતી.

કુમારી  બીઅરે કહ્યું કે બેંગલુરુ સબર્બન રેલ્વે નેટવર્ક પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં અને મહિલા મુસાફરોની સુરક્ષામાં સુધારો કરવામાં મદદ કરશે. તેણીએ ઉલ્લેખ કર્યો કે નાણાંનું વિતરણ આગામી પાંચ વર્ષમાં થશે. નેટવર્ક 149 કિલોમીટર સુધી વિસ્તરશે અને તેમાં 58 સ્ટેશનનો સમાવેશ થશે. તેણીએ એમ પણ કહ્યું કે ભારત યુરોપની બહાર EIB પરિવહન ધિરાણનો સૌથી મોટો લાભાર્થી છે.

કુ. બીયરએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ માત્ર મહિલાઓ માટે સલામત અને સુલભ પરિવહન પ્રદાન કરશે નહીં પરંતુ કર્મચારીઓમાં તેમની ભાગીદારીને પણ વધારશે.

## GUJ - URBAN MOBILITY INDIA CONFERENCE

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજથી 17મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સનો પ્રારંભ થયો હતો. ત્રણ દિવસીય કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરતાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા 10 વર્ષમાં દેશના સામાજિક, આર્થિક વિકાસમાં શહેરીકરણની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે બોલતા, શ્રી પટેલે જણાવ્યું હતું કે, કોન્ફરન્સ શહેરી ગતિશીલતાના ક્ષેત્રોમાં રાજ્યોમાં અનુભવો અને વિકાસના પરસ્પર આદાનપ્રદાન માટેના પ્લેટફોર્મ તરીકે કામ કરશે અને વિવિધ શહેરી ગતિશીલતા પડકારો માટે પ્રમાણભૂત ઉકેલો અપનાવવામાં પણ મદદ કરશે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ અને નીતિ નિર્માતાઓ સહિત 3 હજારથી વધુ પ્રતિનિધિઓ આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે.

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી “મન કી બાત” કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે. ઉપરાંત My Gov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે.

કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. “મન કી બાત” કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

## DANA EFFECT

ચક્રવાત દાનાના ટકરાયા બાદ ઓડિશા અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસવાના અહેવાલ છે.. જોકે દાનાને કારણે હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ ભુવનેશ્વરમાં નુકસાન અને રાહત પ્રયાસોની સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર 'શૂન્ય જાનહાનિ' લક્ષ્ય હાંસલ કરવામાં સફળ રહી છે, તેમણે ઉમેર્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં રસ્તાઓ સાફ કરવા અને વીજ લાઈનો પુનઃસ્થાપિત કરવા માટે પુનઃસ્થાપન કાર્ય ચાલી રહ્યું છે. પશ્ચિમ બંગાળમાં, ચક્રવાત દાનાની અસર હેઠળ રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલા કેટલાક જિલ્લાઓમાં અવિરત વરસાદ થઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ જાહેરાત કરી હતી કે 'દાના' ચક્રવાતી વાવાઝોડામાં નબળું પડી ગયું છે અને ઉત્તર ઓડિશાને પાર કરતી વખતે આગામી થોડા કલાકોમાં તે વધુ નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થવાની ધારણા છે.

## DELHI AIR QUALITY

દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તા સતત ખરાબ શ્રેણીમાં છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા અનુસાર, આજે બપોરે 3:00 વાગ્યે દિલ્હીનો હવા ગુણવત્તા સૂચકાંક 274 નોંધાયો હતો. દિલ્હી અને એનસીઆરમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું.

ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે આવતીકાલે અને બીજા દિવસે હવાની ગુણવત્તા ખૂબ જ નબળી શ્રેણીમાં રહેવાની સંભાવના છે. તે કહે છે કે પ્રદૂષકોના અસરકારક વિખેરવા માટે હવામાન પરિસ્થિતિઓ પ્રતિકૂળ છે કારણ કે રાત્રિ દરમિયાન શાંત પવન પ્રવર્તે છે. 0 અને 50 ની વચ્ચેનો હવા ગુણવત્તા સૂચકાંક સારો, 51 અને 100 સંતોષકારક, 101 અને 200 મધ્યમ, 201 અને 300 નબળો અને

**301** અને **400** અત્યંત નબળો માનવામાં આવે છે. **401** અને **450** ની વચ્ચેનો **AQI** ગંભીર માનવામાં આવે છે.

## EVE. CRICKET - IND NZ

પુણે ખાતે ભારત અને ન્યુઝિલેંડ વચ્ચેની બીજી ટેસ્ટ રોમાંચક બની ગઇ છે.. ન્યુઝિલેંડે બીજા દિવસની રમતબંધ રહી ત્યાર સુધીમાં તેની બીજી ઇનિંગમાં 5 વિકેટે 198 રન બનાવ્યા છે. પ્રવાસી ટીમે આ સાથે 301ની સરસાઇ મેળવી લીધી છે.. આજેશરૂઆતમાં, મિશેલ સેન્ટનરની સાત વિકેટેને કારણે ટીમ ઇન્ડિયા 156 રનમાં તંબુ ભેગી થઇ જતા ન્યૂઝીલેન્ડને 103 રનની લીડ મળી હતી. સેન્ટનરે 17.3 ઓવરમાં સાત વિકેટ ખેરવી હતી. મેચની પ્રથમ ઇનિંગમાં, ન્યૂઝીલેન્ડ 259 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત તરફથી ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરે સાત વિકેટ ઝડપી હતી. રવિચંદ્રન અશ્વિને ત્રણ વિકેટ ઝડપી હતી. બેંગલુરૂ ખાતેની પ્રથમ ટેસ્ટ 8 વિકેટે જીતીને ન્યુઝીલેન્ડ પાસે એક શૂન્યની શ્રેણીમાં સરસાઇ છે.